ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# વિંગ કમાન્ડર અભિનંદનની મુક્તિ નિહાળવા શહેરમાં ભારે ઉત્સાહ



ગાંધીનગર તા ૧

વિંગ કમાન્ડર અભિનંદનને આવકારવા માટે આજે સમગ્ર દેશ ઉત્સુક જોવા મળ્યો હતો. અભિનંદનને મુક્ત કરવાની જાહેરાતના અંતે જ ગઇકાલથી સમગ્ર દેશમાં આંતશબાજી અને મીઠાઇનુ વિતરણ કરીને નાગરિકો ખુશી વ્યકત કરી રહ્યા હતા. જયારે આજે અભિનંદનની વતન વાપસીના અંતે દેશમાં ઠેર ઠેર નાગરિકોએ ઉત્સાહ મનાવ્યો હતો. ગાંધીનગરમાં પણ સેકટરોમાં નાગરિકોએ મીઠાઇનુ વિતરણ કર્યુ હતુ. ભારત માતા કી જય અને વંદે માતરમના સુત્રોથી શહેરની શેરીઓ ગુંજી ઉઠી હતી. વેપારીઓએ પણ મીઠાઇનુ વિતરણ કરી અભિનંદનની વતન વાપસીને ઉત્સાહભેર આવકારી હતી. સવારથી જ નગરજનો ટી વી સમક્ષ ગોઠવાઇ ગયા હતા. સોશિયલ મીડીયામાં પણ અભિનંદનને વેલકમ કરતા મેસેજીસ છવાયા હતા.

ભારત પાકીસ્તાનની સરહદ પર ભીષણ ગોળીબાર અને ભારતીય સેનાની કાર્યવાહીથી ભયભીત પાકીસ્તાને આખરે શરણાગતિ સ્વીકારી લીધી છે. જયારે પાકીસ્તાને વિશ્વ સમુદાયના દબાણ અને ભારતનો જડબાતોડ જવાબ મળતા પાકીસ્તાનની ગિરફતમાં રહેલા વિંગ કમાન્ડર અભિનંદનને સલામત રીતે મુક્ત કરવાની તૈયારી પાકીસ્તાને દર્શાવી હતી. જયારે ગઇકાલે પાયલટ અભિનંદને છોડી દેવાની જાહેરાત પણ પાકીસ્તાને કરી હતી. આજે વિંગ કમાન્ડર અભિનંદનની વતન વાપસીને અનુલક્ષી સમગ્ર દેશમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. જયારે સવારથી જ પાયલટની ઘર વાપસીની કાગડોળે વાટ જોવાઇ રહી હતી. અભિનંદનને છોડી દેવાની જાહેરાતના અંતે દેશવાસીઓમાં અનોખો ઉત્સાહ છવાયો હતો. સવારથી જ અખબારોમાં તેમજ ન્યુઝ ચેનલોમાં અભિનંદનની ઘર વાપસી કયારે થશે તે અંગેના સમાચાર જાણવા માટે પણ નાગરિકો તત્પર બન્યા હતા. જયારે સોશિયલ મિડીયામાં પણ અભિનંદન છવાયા હતા. તેમને પાકીસ્તાનની ગિરફતમાંથી મુકત કરવાની જાહેરાત બાદ સોશિયલ મીડીયામાં તેમની સઘળી વિગતો અને પરિવારજનો સાથેના ફોટા ફરતા થયા હતા. બ્રેવો અભિનંદન..ને બિરદાવતા મેસેજીસ પણ આખો દિવસ વોટસએપમાં ફરતા થયા હતા. જયારે સોશિયલ મીડીયા પર અભિનંદના વિડીયો તેમજ તેને લગતા મેસેજીસ સૌથી પ્રિય બન્યા હતા. આજે જયારે અભિનંદનને મોડી સાંજે પાકીસ્તાને મુક્ત કરી ભારતને સોંપતા દેશમાં નવો જોમ જુસ્સો જોવા મળ્યો હતો. વાઘા બોર્ડર પર વાયુસેનાના પ્રતિનિધિમંડળ સાથે પુત્ર અભિનંદનના સ્વાગત માટે પહોંચેલા તેમના માતા પિતાની આંખો પણ ભીની થઇ હતી. દેશમાં આ ભાવુક અને સંવેદનશીલ ક્ષણો સાથે

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપ દ્વારા આજે શહેરમાં વિજય સંકલ્પ બાઇક રેલી

ગાંધીનગર તા ૧

ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા આજે વિજય સંકલ્પ બાઇક રેલીનુ આયોજન કરવામાં આવ્યુ છે.મહાનગર ભાજપ દ્વારા તા ૨ માર્ચના રોજ બપોરે ૧ કલાકે સે-૧ તળાવથી બાઇક રેલીનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ રેલીનુ પ્રસ્થાન પુર્વ મંત્રી ભરત બારોટ, જાગૃતિબેન પંડયા તેમજ પ્રદેશના મહામંત્રીઓ દ્વારા કરવામાં આવશે. જેમાં ગાંધીનગર મહાનગર ભાજપના હોદેદારો, કાર્પોરેટરો, તમામ મોરચાના પદાધિકારીઓ તથા વોર્ડના સભ્યો વિજય સંકલ્પ બાઇક રેલીમાં જોડાશે. આ રેલીમાં ૫૦૦ કરતા વધુ બાઇક સવારો જોડાશે. આ બાઇક રેલી સે-૧ તળાવથી પ્રસ્થાન થઇ તમામ સેકટરોમાં રીંગ રોડ પર પસાર થશે અને જી ઇ બી ખાતે પુર્ણ થશે.

# આજે જિલ્લા પંચાયતની બજેટ બેઠક

### પંચાયતના બજેટ ઉપરાંત મનરેગાનું લેબર બજેટ રજુ કરાશે : બજેટમાં જિલ્લાના સંતુલિત વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે : સૂત્ર

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે બજેટ બેઠક સરદાર પટેલ હોલમાં મળશે. જેમાં પંચાયતનું અંદાજપત્ર ઉપરાંત મનરેગાનું લેબર બજેટ મંજૂરી માટે રજુ કરાશે.

પંચાયત પ્રમુખ મંગુબેન શ. ચૌધરી(પટેલ)ના અધ્યક્ષસ્થાને મળનારી આ બજેટ બેઠકમાં ૨૦૧૮-૧૯નું સુધારેલુ અંદાજપત્ર તથા ૨૦૧૯-૨૦નું વાર્ષિક અંદાજપત્ર રજુ થશે.

જિલ્લા પંચાયતનું બજેટ પુરાંત ધરાવતુ હશે તેમજ ગત વર્ષ કરતાં તેના કદમાં વધારો થશે. જિલ્લામાં સંતુલિત વિકાસ પર આ બજેટમાં ભાર મુકવામાં આવશે તેમ જાણવા મળેલ છે. પંચાયતની સ્વભંડોળની આવકમાં વૃદ્ધિ થાય તેના પર વિશેષ ભાર મુકવામાં આવશે. ચાલુ વર્ષનું ચોમાસુ નિષ્ફળ ગયુ હોવાથી પેયજળની સમસ્યા વકરે નહિ તે માટે તેની જોગવાઈમાં વધારો કરાશે. આજે રજુ થનારા બજેટમાં કૃષિ, શિક્ષણ તેમજ આરોગ્ય સેવાઓના આધુનિકરણ પર વિશેષ ભાર મુકવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલ(ચૌધરી) તેમનું પ્રથમ બજેટ રજુ કરી રહ્યા હોવાથી પશુપાલન માટે તેઓ વિશેષ જોગવાઈ કરે તેવી શક્યતાઓ દર્શાવવામાં આવી રહી છે.

જિલ્લા પંચાયતની આજની બજેટ બેઠકમાં સત્તાધારી પક્ષને ભીંસમાં લેવા વિપક્ષ પણ અલગથી રણનીતિ તૈયાર કરી રહ્યાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે સવારે ભાજપના સભ્યો બેઠક પહેલા ભેગા થઈ રણનીતિને આખરી ઓપ આપશે.

બીજી તરફ કોંગ્રેસ આ બેઠકને રૂટીન બેઠક લેખાવી રહેલ છે. જો કે લોકોને પડતી હાડમારીઓ દૂર કરવા અને તંત્ર તેમજ જનતા વચ્ચેનું અંતર ઘટે તેવા સકારાત્મક પગલાંઓ અમે બજેટમાં સૂચવીશુ તેમ કોંગ્રેસના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના સભ્યોની સંખ્યા ૨૪ છે જ્યારે વિપક્ષ ભાજપના સભ્યોની સંખ્યા ૬ છે. બજેટ બહુમતિથી પસાર થાય છે કે સર્વાનુમતે તેના પર સૌની નજર મંડાયેલી છે. દરમ્યાન આ બેઠકને લઈ તંત્ર દ્વારા પણ તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. અંદાજપત્ર એ જ આ બેઠકનું આકર્ષણ છે. બેઠકમાં સમિતિઓની મળેલ બેઠકોની કાર્યવાહી નોંધ પણ રજુ કરાશે અને બીજા કેટલાક મુદ્દાઓ પણ રજુ થશે.

આ બજેટ સાથે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનું લેબર બજેટ પણ રજુ કરવામાં આવનાર છે. જેમાં મનરેગા દ્વારા કરવામાં આવનારી પ્રવૃત્તિઓ દર્શાવવામાં આવશે.



આંબે આવી કેરી - ફાગણનું કાઉન્ટ-ડાઉન આંબા પરની કેરીથી પ્રતિત થાય છે... ગાંધીનગરની આસપાસના આંબાઓ પર નાની-નાની કેરીઓ નજરે પડે છે... કેરી ગુજરાતીઓ માટે મનગમતું ફળ છે. કેરી આવે એટલે ગુજરાતી ગાંડો ગાંડો થાય....બસ હવે એક - દોઢ મહિનામાં કેરીનો રસ વરસનું મનગમતું ભોજન બનશે... કેરીને આપણે અમૃત ફળ પણ કહીએ છીએ... કેરીથી શારિરીક ક્ષમતામાં વૃદ્ધિ થાય છે...

# બોર્ડની પરીક્ષાનું વર્ગ-૧ અને ૨ના અધિકારીઓ સતત મોનીટરીંગ કરશે

### જિલ્લાના ૧૫૦ પરીક્ષા સ્થળો પર સતત બાજ નઝર રાખશે : જિલ્લા કલેકટર તેમજ ડી ઇ ઓને અહેવાલ મોકલશે

ગાંધીનગર તા ૧

આગામી તા ૭ માર્ચથી શરૂ થનારી બોર્ડની પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા જરૂરી તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. જયારે બોર્ડ પરીક્ષા દરમિયાન કોઇપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પણ પુરતી તકેદારી રાખવ માટે આયોજન કરવામાં આવ્યુ છે. અગાઉ મળેલી પરીક્ષા સમિતિની બેઠક દરમિયાન જિલ્લાના ૧૫૦ પરીક્ષા સ્થળોએ વર્ગ ૧ અને ૨ ના અધિકારીઓ પણ સતત મોનીટરીંગ કરશે તેવો નિર્ણય પણ લેવાયો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૭ માર્ચના રોજ બોર્ડ પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવશે. ત્યારે પરીક્ષ દરમિયાન કોઇપણ પ્રકારની ગરેરરીતી ન થાય તે માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવશે. આ માટે સી સી ટી વી કેમેરાનુ મોનિટરીંગ કરવામાં આવશે જયારે બીજીતરફ બોર્ડની સ્કવોર્ડ પણ તપાસ કરશે આ ઉપરાંત ગાંધીનગર જિલ્લાના કલાસ ૧ અને ૨ ના અધિકારીઓની સ્કોવોર્ડ પણ તૈયાર કરાશે આ અધિકારીઓ દ્વારા ગાંધીનગર જિલ્લાના ૧૫૦ થી પણ વધુ પરીક્ષા સ્થળો પર આકસ્મિક તપાસ કરાશે. આ ઉપરાંત આ અંગેનો અહેવાલ જિલ્લા શિક્ષણાધિકારી તેમજ જિલ્લા કલેકટરને મોકલવાનો રહેશે વર્ગખંડમાં ખંડ નિરિક્ષક ઉપરાંત સી સી ટી વી કેમેરાની બાજ નઝર સાથે બોર્ડની ફલાઇંગ સ્કોવોર્ડ તેમજ જિલ્લા કક્ષાની સ્કવોર્ડ પરીક્ષામાં ચેકીંગ કરશે. જેને અનુલક્ષી પરીક્ષા દરમિયાન કોઇપણ પ્રકારની ગેરરીતી થતી અટકશે અને કોપી કેસના બનાવો પણ વધુ પકડાય તો પણ નવાઇ નહીં. પરીક્ષા બાદ બોર્ડની પરીક્ષા ટીમ દ્વારા તમામ પરીક્ષા સ્થળના સી સી ટી વી ના વીડીયોનો મોનીટરીંગ કરાશે. જયારે આ દરમિયાન કોપી કરતા વિદ્યાર્થીઓ સામે પણ પગલા લેવાશે.

# પ્રવિણ પટેલ સામેના કેસનો ચુકાદો પમીએ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકાના પૂર્વ મેયર પ્રવિણ પટેલ સામે કોંગ્રેસ દ્વારા કરાયેલ પક્ષાંતર ધારા ભંગના કેસનો ચુકાદો ૫ મી માર્ચના રોજ રાજ્યની વડી અદાલત આપશે.

નામોનિર્દિષ્ટ અધિકારીના ચુકાદાને કોંગ્રેસ દ્વારા પડકારવામાં આવ્યો હતો. આ અંગેની દલીલો વડી અદાલતની ડીવીઝન બેંચ સમક્ષ પૂર્ણ થઈ ગઈ છે. આમ તો આજે ચુકાદો આવવાની વકી હતી પરંતુ કોર્ટે જ પાંચમીએ આ કેસનો ચુકાદો અપાશે તેવી જાહેરાત કરી છે.

પ્રવિણ પટેલ સામેના પક્ષાંતર ધારા ભંગના કેસને લઈ પાટનગરના રાજકીય વર્તુળોમાં અનેક તર્ક-વિતર્ક ચાલી રહ્યા છે.

# મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ. મુરલી ક્રિષ્ણા આજે ૧૨ જિલ્લામાં તૈયારીઓની સમીક્ષા કરશે

ગાંધીનગર, તા. ૧

રાજ્યમાં લોકસભાની આવી રહેલી ચૂંટણીઓના સંદર્ભમાં તંત્ર દ્વારા ચાલી રહેલી તૈયારીઓની સમીક્ષા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ. મુરલી ક્રિષ્ણા અને તેમની ટીમ દ્વારા શરૂ કરાઈ છે.

મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા તા. ૨જી માર્ચના રોજ રાજ્યના ૧૨ જિલ્લાઓની સમીક્ષા કરવામાં આવનાર છે.

આજે સવારે ૧૦ વાગે સુરત ખાતે દ. ગુજરાતના સુરત, ભરૂચ, વલસાડ, નવસારી, તાપી અને ડાંગ જિલ્લાની સમીક્ષા હાથ ધરવામાં આવશે.

સાંજે પાંચ વાગ્યાથી વડોદરા ખાતે વડોદરા, દાહોદ, પંચમહાલ, મહિસાગર, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લાની સમીક્ષા કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ સમીક્ષા બેઠકમાં ચૂંટણીની ફરજ માટે નિયત કરાયેલ સ્ટાફની ડેટાબેઝ એન્ટ્રી, મતદારયાદી સુધારણા ઝુંબેશનો પ્રતિસાદ તેમજ સતત સુધારણાની કામગીરી ઉપરાંત ચૂંટણીને લઈ ચૂંટણી અધિકારીની કચેરી શરૂ કરવામાં આવનાર સિંગલ વિન્ડો સિસ્ટમની તૈયારીઓ અંગે સમીક્ષા કરવામાં આવશે.

લોકસભાની ચૂંટણી અંગે ચૂંટણી પંચ ગુજરાતની મુલાકાતે આવે ત્યારે તેમની સમક્ષ પ્રેઝન્ટેશન રજુ કરવાનું હોવાથી આ સમીક્ષા બેઠકોનું આયોજન કરવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

આવી બેઠકો સૌરાષ્ટ્રમાં અને ઉ. ગુજરાતમાં પણ હવે ટૂંકમાંજ યોજાશે તેમ માનવામાં આવી રહ્યું છે.

## રાજકોટમાં મુખ્યમંત્રી રૂપાણીની તબિયત બગડતા ગાંધીનગર લવાયા

ગાંધીનગર,તા.૧

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી જૂનાગઢ જવા માટે રાજકોટ એરપોર્ટ ઉતર્યા હતા. દરમિયાન તેમની તબિયત અસ્વસ્થ થતાં જ તેઓએ જૂનાગઢનો કાર્યક્રમ રદ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

જૂનાગઢમાં બુધવારથી શરૂ થયેલા જૂનાગઢના મહાકુંભમાં શુક્રવારે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને રાજ્યના મુખ્યમંત્રી બપોરે ત્રણ વાગ્યે પ્રકૃતિ ધામમાં સંતસભા સંબોધવાના હતા. તે અંતર્ગત મુખ્યમંત્રી રૂપાણી રાજકોટ એરપોર્ટ પર પહોંચ્યા હતા. અહીંથી યોગી આદિત્યનાથ સાથે તેઓ જૂનાગઢ જવાના હતા. સીએમ રૂપાણીની સારવાર દરમિયાન સોનોગ્રાફી પણ કરવામાં આવી હતી. જેમાં તેમને આંતરડામાં સોજા હોવાની વાત બહાર આવતા ડોક્ટરોએ તેમને આરામ કરવાની સલાહ આપી હતી. જેને લઈ સીએમ રૂપાણીએ તેમના તમામ કાર્યક્રમો રદ કરી દીધા છે અને તેઓ રાજકોટથી ગાંધીનગર પરત ફર્યા હતા.

# આજથી કલ્ચરલ ફોરમનો શિશિરોત્સવ આરંભાશે

### કલ્ચરલ ફોરમ આયોજિત શિશિરોત્સવમાં આજે આર.ડી. બર્મનના ગીતો : ઇન્ફોસીટી કલબ અને રીસોર્ટ ખાતે આયોજિત કાર્યક્રમના બીજા દિવસે કવિઓ પોતાની રચનાઓ રજુ કરી શ્રોતાઓને હાસ્યરસથી તરબોળ કરશે

ગાંધીનગર તા ૧

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા નગરમાં સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને વેગ આપવા માટે નવતર કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવે છે.જયારે પ્રતિવર્ષ ગ્રીષ્મોત્સવ, શિશિરોત્સવ અને નવરાત મહોત્સવનુ આયોજન કરવામાં આવે છે. જયારે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગરમાં શિશિરોત્સવની ઉજવણી કરવામાં આવશે. આ અન્વયે ગાંધીનગર ઇન્ફોસીટી ખાતે બે દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરાયુ છે. પ્રથમ દિવસે આર ડી બર્મન અને ગુલઝારના ધમાકેદાર ગીતોનો કાર્યક્રમ યોજાશે. જયારે બીજા દિવસે જાણીતા કવિઓ પોતાની રચનાઓ પ્રસ્તુત કરી શ્રોતાઓને હાસ્યરસથી તરબોળ કરશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત શિશિરોત્સવ અન્વયે તા ૨ અને ૩ માર્ચના રોજ સાંજે ૭ કલાકે ઇન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ખાતે વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત તા ૨ માર્ચના રોજ ફુરસદ કે રાત દિન શીર્ષક હેઠળ આર ડી બર્મન અને ગુલઝારના ગીતો રજુ કરાશે. સુપ્રસિધ્ધ ગાયિકા પ્રિયંકા બસુ, તેમજ હીંમાશુ ત્રિવેદી અને વિશ્વનાથ બાતુંગે રસપ્રદ ગીતો રજુ કરશે. જયારે આ કાર્યક્રમમાં સંદીપ

● અનુસંધાન પાન-૭ પર

# એચએસઆરપી નંબરપ્લેટની મુદત ૩૧મી મે સુધી લંબાવાઈ

અમદાવાદ, તા. ૧

રાજ્ય સરકાર દ્વારા વાહનો પર એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાની મુદતમાં ૮મી વખત વધારો કરવામાં આવ્યો છે. આ પહેલા છેલ્લી તારીખ ૨૮ ફેબ્રુઆરી હતી. સરકારે આ વખતે એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાની મુદતમાં ત્રણ મહિનાનો વધારો કરી તેની છેલ્લી તારીખ તા.૩૧ મે જાહેર કરી છે. આરટીઓના ભારે પ્રયાસો છતાં હજુ પણ નાગરિકો અને વાહનચાલકો એચએસઆરપી નંબર પ્લેટ લગાવવામાં ગંભીર ઉદાસીનતા દાખવી રહ્યા છે તે પણ એટલી જ વાસ્તવિકતા છે. સુપ્રીમકોર્ટના એચએસઆરપી નંબર પ્લેટ અંગેના મહત્વના ચુકાદાને પગલે દેશભરમાં તેની અમલવારી શરૂ કરાઇ હતી. રાજ્યમાં આરટીઓ તંત્ર દ્વારા ગત તા.૧૬ નવેમ્બર,૨૦૧૨થી વાહનોમાં હાઈસિક્યુરિટી નંબર પ્લેટ લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. સાડા છ વર્ષ જેટલો સમય થઈ ગયો હોવા છતાં આરટીઓ લક્ષ્યાંક સિદ્ધ કરવામાં અને લોકો પોતાની આ નૈતિક ફરજ નિભાવવામાં નિષ્ફળ સાબિત થયા છે. નાગરિકોમાં જોવા મળેલી ગંભીર ઉદાસીનતાને લઈ આરટીઓ તંત્ર દ્વારા એચએસઆરપી નંબર પ્લેટ માટે શહેરની સોસાયટીઓ તેમજ ગામડાંમાં પણ કેમ્પ કરી ટાર્ગેટ પણ ફિક્સ કર્યા હતા.

જાહેર આમંત્રણ

લેઉવા પાટીદારોના સ્વમાન ગૌરવનું શ્રદ્ધા તીર્થ

શ્રી અન્નપૂર્ણાધામ - અડાલજ

વિશ્વનાં પ્રથમ પંચતત્વ મંદિરનો

પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તેમજ વિદ્યાર્થીઓનું છાત્રાલય, ભોજનાલય, લાયબ્રેરી, ફોટો ગેલેરી, સ્પર્ધાત્મક પરીક્ષા માટેનાં તાલીમ કેન્દ્રો અને રહેવા માટેના રૂમોનું ભુમિપુજન







ગુજરાતનાં પનોતાપુત્ર દેશનાં ગૌરવવંતા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ના વરદ હસ્તે...

શ્રી અન્નપૂર્ણાધામ, અડાલજ-કોબા રોડ, અડાલજ

તારીખ : ૦૫/૦૩/૨૦૧૯, મંગળવાર, સમય : સવારના ૮:૩૦ કલાકે

નિમંત્રક

બીપીન પટેલ, મેને. ટ્રસ્ટી | રવજીભાઈ વસાણી, ચેરમેન | નરહરિ અમીન, પ્રમુખ


તથા તમામ હોદ્દેદારો અને ટ્રસ્ટીગણ

સમાજના તમામ વર્ગને પધારવા વિનંતી

પંદર મિનિટ પહેલા પોતાનું સ્થાન ગ્રહણ કરવા વિનંતી

દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ

શ્રદ્ધાંજલિ



જીવન મળવું એ ભાગ્યની વાત છે.
મૃત્યું થવું એ સમયની વાત છે.
પરંતુ મૃત્યું પછી લોકોના દિલમાં
જીવંત રહેવું એ કર્મની વાત છે.
પ્રભુ આપના આત્માને
અખુટ શાંતિ આપે

સ્વ. જતીન ઇન્દ્રવદન કોઠારી જન્મ તા.૧૫-૦૫-૧૯૭૧, સ્વ. તા.૦૨-૦૩-૨૦૧૭

ડિમ્પલ જતીન કોઠારી

વિપુલ ઈન્દ્રવદન કોઠારી — નિમીષા વિપુલ કોઠારી

પાયલ વિપુલ કોઠારી — શ્રીયા વિપુલ કોઠારી




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com